### GNLU ખાતે મેરિટાઇમ કોમર્શિયલ લૉ એન્ડ પ્રેક્ટિસ વિશે સેમિનાર યોજાયો

# દેશની કોસ્ટલ શિપિંગ સેવામાં ગુજરાતની 40% હિસ્સેદારી છે

ગુજરાતનો દરિયા કિનારો દેશમાં સૌથી લાંબો છે. જેના કારણે બિઝનેસને પણ ખૂબ સારી સપોર્ટ સિસ્ટમ મળી રહે છે, દરિયા કિનારો લાંબો હોવાથી ગુજરાતમાં કોસ્ટલ શિપિંગ સર્વિસનો ખૂબ સારી રીતે વિકસી છે. દેશના કોસ્ટલ શિપિંગ સર્વિસમાં ગુજરાતની ૪૦ ટકા હિસ્સેદારી છે. તેમ જીએનએલયુ ખાતેના મેરિટાઇમ કોમર્શિયલ લૉ એન્ડ પ્રેક્ટિસ સેમિનારમાં કેરેલા મેરિટાઇમ ટ્રાન્સપોર્ટ સર્વિસ ઑફિસર કેપ્ટન એલેક્સ એન્થોનીએ કહ્યું હતું. કાર્યક્રમમાં આઇએએસ ઑફિસર સુનૈના તોમરે પણ ગુજરાતના મેરિટાઇમ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ વિશે વાત કરી હતી. કાર્યક્રમમાં સ્ટુડન્ટસને તેમણે મેરિટાઇમ ટ્રાન્સપોર્ટ અને મેરિટાઇમ લૉ વિશે જાણકારી આપી હતી.



## કોસ્ટલ શિપિંગ સર્વિસ દ્વારા રસ્તા પરના 10% ટ્રાફિકનું ભારણ ઘટાડી શકાય

ગુજરાતનો દરિયા કિનારો દેશના બીજા રાજ્યોની સરખામણીએ સૌથી મોટો છે. કોસ્ટલ શિપીંગ સર્વિસનો ગુજરાતમાં વિકાસ કરવામાં આવે તો રસ્તા પરના ટ્રાફિકનું ૧૦ ટકા ભારણ ઘટાડી શકાય છે. રાજ્યના દરિયા કિનારાને ધ્યાનમાં રાખીને સ્ટુડન્ટસને મેરિટાઇમ કાયદાનું નોલેજ મળી રહે તેવી સંસ્થા પણ રાજ્યમાં હોવી જરૂરી છે. - **સુનૈના તોમર, આઇએએસ**

Scanned by CamScanner